For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ડ્રોનથી શરૂ થયેલા સરવેમાં ખાડીઓ અનેક સ્થળે સંકોચાયાનો અને દબાણોનો ઘટસ્ફોટ થયો

કાગળ પર 30, સ્થળ પર માત્ર 12 જ મીટર

રિડાર ડ્રોન દ્વારા શરૂ કરાયેલા સરવેમાં 10 દિવસમાં દબાણનું આખું ચિત્ર સ્પષ્ટ થશે

પ્રાથમિક સરવેમાં અનેક જગ્યાએ ખાડીઓ સંકોચાઈ હોવાનો ઘટસ્ફોટ થયો

કલેક્ટર-સિંચાઈ વિભાગ કરશે ડિમોલિશનનો અંતિમ નિર્ણય, મનપા અમલવારી કરશે

સુરત : શહેરમાં માત્ર 15 દિવસના ગાળામાં બે વખત સર્જાયેલા ખાડીપૂરના સંકટ બાદ હવે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. મુખ્યમંત્રીની ઉચ્ચસ્તરીય બેઠક બાદ સુરત મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી અને સિંચાઈ વિભાગે ખાડીપૂરના કાયમી નિવારણ માટે સંયુક્ત કામગીરી શરૂ કરી છે. શહેરની વિવિધ ખાડીઓનું હાઈટેક ડ્રોન

...અનુસંધાન પાના ૧૧ પર

સરથાણામાં 4, સચિનમાં 3 જગ્યાએ ખાડી 30 મીટરથી 12 મીટર થઇ ગઇ

સરવેના આધારે ખાડીના પાણીના પ્રવાહમાં અવરોધ ન સર્જાય તે માટે ઝોન પ્રમાણે ચોક પોઇન્ટની યાદી તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. સરથાણા ઝોનમાં ચાર અને સચીન-કનકપુર વિસ્તારમાં ત્રણ ચોક પોઇન્ટ એટલે કે દબાણગ્રસ્ત સ્થળોની ઓળખ કરવામાં આવી છે. અન્ય ઝોનમાં પણ આવી જગ્યાઓની યાદી તૈયાર થયા બાદ આગામી અઠવાડિયે ખાડી પૂર નિવારણ સમિતિની બેઠકમાં ચર્ચા કરીને મેગા ડિમોલિશન ડ્રાઇવ અંગે નિર્ણય લેવાશે. ચોંકાવનારી વાત એ છે કે, સરથાણા અને સચીનમાં અમુક જગ્યાએ ખાડી 30 મીટરથી માત્ર 12 મીટરની થઇ જતી નજરે પડે છે.

ખાડીપૂર વખતે પમ્પિંગ સ્ટેશનો અને ડીવોટર પમ્પની કામગીરી ખોરવાય નહીં તે માટે અલાયદી વ્યવસ્થા કરાશે

આ ઉપરાંત ખાડી વિસ્તારોના પમ્પિંગ સ્ટેશનોમાં વીજકાપને કારણે ડીવોટરિંગ કામગીરી ખોરવાય નહીં તે માટે ડિવોટરિંગ પંપને અલગથી વીજ પુરવઠો મળી રહે તે માટે એક્સપ્રેસ ફીડર લગાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. એક પાવર કટ થાય ત્યારે અન્ય પર લઇ જવા મેન્યુઅલી કામ થાય છે તેને હવે ઓટોમેટિક સ્વિચ લગાડી સ્વસંચાલિત કરવા પણ નિર્ણય લેવાયો છે.

શું છે હાઈટેક ડ્રોનની ખાસિયતો?

- DJI Matrice 300/400 શ્રેણીના અત્યાધુનિક ડ્રોનનો ઉપયોગ
- 8 કિમી સુધી ઓપરેશનલ રેન્જ
- માત્ર 35 મિનિટમાં 3થી 4 કિમી વિસ્તારનું સ્કેનિંગ
- હાઈ રિઝોલ્યુશન ઈમેજિંગ અને 3D મેપિંગની સુવિધા
- ચોકસાઈપૂર્વક ખાડી અને આસપાસના દબાણોનું દસ્તાવેજીકરણ

ખાડીના દબાણો સામે કાર્યવાહીનો રોડ મેપ

- 10 દિવસમાં પ્રાથમિક સરવે રિપોર્ટ
- 60 દિવસમાં અંતિમ DPR તૈયાર થશે
- કલેક્ટર અને સિંચાઈ વિભાગ કરશે કાર્યવાહીનો અંતિમ નિર્ણય
- પાલિકા પૂરી પાડશે JCB, પોકલેન સહિતની સંપૂર્ણ મશીનરી
- દબાણ દૂર કરી ખાડીઓની કુદરતી પહોળાઈ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ

ડ્રોનના સરવેમાં શું થશે ?

- ખાડીની વાસ્તવિક પહોળાઈ અને ઊંડાઈનું ડિજિટલ મેપિંગ
- ખાડી કાંઠે થયેલા રહેણાંક અને કોમર્શિયલ દબાણોની ઓળખ
- પાણીના પ્રવાહમાં અવરોધરૂપ બાંધકામોનું સરવેક્ષણ
- ડી-સિલ્ટિંગ, ખાડી વિસ્તરણ અને પ્રોટેક્શન વોલ અંગે ટેકનિકલ ભલામણો
- સમગ્ર ખાડી નેટવર્કનો GIS આધારિત ડેટાબેઝ તૈયાર થશે

પરવત પાટીયાના માધવબાગને 'ગુજરાતનું જંતર-મંતર' બનાવવાની સ્થાનિકોની ચીમકી

સિંધુનું પાણી રોકવાની વાતો કરો છો, પણ ખાડીપૂરને તો રોકી બતાવો !

પરવટ પાટિયાના પૂરપીડિતોનું ભારે વિરોધ પ્રદર્શન, મહિલા-બાળકો પણ જોડાયાં

આક્રોશભરી વેદના: દર વર્ષે ઘરો ડૂબે, તંત્ર માત્ર સમિતિઓ અને આશ્વાસનો આપી થંભી જાય છે

સુરત: એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાકિસ્તાન તરફ વહેતા સિંધુ નદીના પાણી પર નિયંત્રણની વાતો કરીને પોતાની રાજકીય અને વહીવટી ક્ષમતાના દાવા કરે છે, જ્યારે બીજી તરફ સુરતના પરવત પાટિયા વિસ્તારના હજારો નાગરિકો વર્ષોથી પોતાની જ ખાડીના પૂરના પાણી સામે લાચાર બનીને જીવવા મજબૂર બન્યા છે. 'જો સિંધુ જેવી વિશાળ નદીનું પાણી રોકવાની વાતો થાય છે, તો દર વર્ષે સુરતીઓને ડૂબાડતી આ નાની ખાડીનું પાણી કેમ નહીં? આ સવાલ હવે પૂર પીડિતોના આક્રોશનો કેન્દ્રબિંદુ બની ગયો છે. ત્યારે આજે માધવબાગ ખાતે પૂરના અસરગ્રસ્તોએ ભારે વિરોધ પ્રદર્શન કરી તંત્ર પર પસ્તાળ પાડી હતી. જેમાં મહીલાઓ અને બાળકો પણ જોડાયા હતા.

માત્ર 15 દિવસના અંતરે બે વખત આવેલા ખાડીપૂરે પરવત પાટિયા સહિતના અનેક વિસ્તારોમાં વિનાશ વેર્યો હતો. ઋષિ વિહાર, સત્યમ, શિવમ, સુંદરમ, માધવબાગ, નંદનવન, વૃંદાવન, શ્રીવર્ધન રોહાઉસ, રણછોડનગર, શાંતિનગર, ગણેશનગર અને એસ.કે.નગર જેવા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોની ઘરવખરી, ઇલેક્ટ્રોનિક્સ, ફર્નિચર અને લાખો રૂપિયાના વાહનો બરબાદ થઈ ગયા હતા. અનેક પરિવારો આજે પણ આર્થિક નુકસાનમાંથી બહાર આવી શક્યા નથી. પરંતુ સ્થાનિકોનો સૌથી મોટો રોષ એ બાબતે છે કે દર વર્ષે પૂર બાદ તંત્ર એ જ જૂનું નાટક કરે છે, સરવે, બેઠક, કમિટી અને આશ્વાસનો. જમીન પર કાયમી ઉકેલના નામે કંઈ જ જોવા મળતું નથી. એક આક્રોશિત સ્થાનિકે સરકાર સામે સીધો સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, સિંધુ નદીનું પાણી રોકવાના મોટા દાવા કરો છો, પરંતુ સુરતની આ નાની ખાડીનું પાણી રોકવામાં કેમ નિષ્ફળ ગયા? સિંધુની સરખામણીમાં આ ખાડીનું પાણી એક ટકા પણ નથી. પહેલાં સુરતીઓને દર વર્ષે ડૂબાડતી આ ખાડીનો તો કાયમી ઉકેલ લાવો.

પૂરપીડિતોનું કહેવું છે કે વર્ષો વીતી ગયા છતાં તંત્ર માત્ર ફાઈલો ખસેડે છે. દર વર્ષે કરોડોના બજેટ, ઉચ્ચસ્તરીય બેઠકો અને કમિટીઓની જાહેરાતો થાય

...અનુસંધાન પાના ૧૧ પર

ક્રોડપતિ છીએ પરંતુ મનપાના પાપે દર વર્ષે આ હેરાનગતિ : પન્નાબેન

મનપા સામે વિરોધ પ્રદર્શન કરવામા સામેલ પન્ના બેનએ જણાવ્યું હતુ કે, અમે ક્રોડપતિ કહેવાઇએ પરંતુ મનપાના પાપે દર વર્ષ આ સ્થિતિમાં મુકાઇએ છીએ, દેશમાં સૌથી સમુદ્ધ સુરત મનપા ગણાય છે તો, ક્યાં ગયાં નાણાં, અમારે નાણા નથી જોઇતા, માત્ર દર વર્ષની હાલાકીમાંથી છુટકારો જોઇએ છે. સામાન ચડાવવાનો પણ સમય નથી મળ્યો. અડધા કલાકમાં પાણી ભરાયા ત્યારે તંત્ર શું કરતું હતું ?

અમે કોથળી દૂધની સહાય માટે નથી બેઠા, અમે થાકી ગયાં, હવે તો શરમ કરો: નીલમબહેન

ખાડીપૂરથી અસરગ્રસ્ત નીલમ બહેને આક્રોશ સાથે કહ્યું હતું કે, અમે એક બાટલી દૂધની સહાય માટે અહીં નથી બેઠાં, અમારા ઘરે સિનિયર સિટીઝનો અને બાળકો છે, પૂર આવે ત્યારે ક્યાં મુકવા જઇએ, હવે તો થાકી ગયા છે. થોડી તો શરમ કરો.

છેલ્લાં 25 વર્ષથી અમે ખાડીપૂરથી પરેશાન: સુનીલભાઇ

માધવબાગ સોસાયટી ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન સુનીલભાઇ રબારીએ જણાવ્યું હતુ કે, પાકિસ્તાનમાં જતું સીંધુનુ પાણી અટકાવવાની વાત કરો છો પણ અહીં ખાડી પૂર તો અટકાવી બતાવો, સરકારને વિનંતી છે કે માત્ર સમિતિ બનાવવાને બદલે નક્કર નિરાકરણ લાવો.

સુરત જિલ્લામાં આજે વરસાદનું ઓરેન્જ, કાલે રેડ એલર્ટ, વરસાદ ખાબકશે

31 જુલાઈએ ભારેથી અતિભારે વરસાદની આગાહી, ઉમરપાડામાં અડધો ઈંચ વરસાદ

સુરત: સુરત સહિત ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનો વધુ એક જોરદાર રાઉન્ડ શરૂ થવાનો છે. તા. 31 જુલાઈના રોજ મધ્ય અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે તથા કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે સુરતમાં આવતીકાલે ઓરેન્જ અને શુક્રવારે રેડ એલર્ટ જાહેર કર્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આવતીકાલે સુરતમાં ઓરેન્જ એલર્ટ અને શુક્રવારે રેડ એલર્ટ જાહેર કરાયું છે. ભારે વરસાદની સાથે પવનની ગતિમાં પણ નોંધપાત્ર વધારો થવાની શક્યતા હોવાથી નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં છત્તીસગઢ અને ઓડિશાના વિસ્તારો પર સક્રિય ડીપ ડિપ્રેશન પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. આ સિસ્ટમ ૩૧ જુલાઈ સુધીમાં પશ્ચિમ મધ્યપ્રદેશ અને ગુજરાતની સરહદ સુધી પહોંચે તેવી શક્યતા છે. આ ઉપરાંત ચોમાસાની ધરી પણ સામાન્ય સ્થિતિ તરફ આગળ વધી રહી છે. આગાહી વચ્ચે આજે શહેરમાં વરસાદી માહોલ જામ્યો હતો. જ્યારે ઉમરપાડામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો.

આજથી ૪ ઓગસ્ટ સુધી રહેશે વરસાદી માહોલ

હવામાન વિભાગના અનુમાન મુજબ આજથી ૪ ઓગસ્ટ સુધી સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ રહેશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ સહિતના વિસ્તારોમાં મધ્યમથી લઈને અતિભારે વરસાદ નોંધાઈ શકે છે. ૩૦ જુલાઈથી ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની તીવ્રતા વધવાની શક્યતા છે.

તંત્ર એલર્ટ, નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ

ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની, નદીઓ અને જળાશયોનાં જળસ્તરમાં વધારો થવાની તેમજ વૃક્ષો પડવા જેવી ઘટનાઓ બનવાની શક્યતાને ધ્યાનમાં રાખીને જરૂરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તંત્રે નાગરિકોને નદી-નાળાઓ અને પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા, હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા તેમજ ભારે વરસાદ દરમિયાન અનિવાર્ય ન હોય તો મુસાફરી ન કરવા અપીલ કરી છે. ખાસ કરીને માછીમારોને દરિયો ન ખેડવા અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોને પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

સુરતમાં પ્રથમ વખત બનશે દશામાની ઇકો ફ્રેન્ડલી મૂર્તિ



■ સુરતમાં હવે દશામાંના આગમનની તૈયારી ચાલી રહી છે. ત્યારે શ્રી મેલડી સરકાર યુવકમંડળ દ્વારા સુરતમાં પ્રથમ વખત દશામાંની ઇકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવવામાં આવી છે. આ મૂર્તિમાં ગાયના ઘી અને છાણાનો ઉપયોગ તેમજ વૃક્ષની છાલ જ વાપરવામાં આવશે. **(તસવીર : હેમંત ડેરે)**

લોકસભામાં સાંસદ દ્વારા રજૂ થયો સુરતની ઘટતી એર કનેક્ટિવિટીનો મુદ્દો

GDPમાં સુરતનો 2 ટકા હિસ્સો છતાં 15-15 ફ્લાઈટ કેમ બંધ કરી દેવાઈ?

સુરતથી બંધ થયેલી 15 ફ્લાઇટ તાત્કાલિક શરૂ કરો, વિદેશની કનેક્ટિવિટી પણ શરૂ કરો

સુરતથી ઇન્દોર, વારાણસી, ચેન્નાઈ, લખનઉ, કોચી, ભાવનગર, તિરૂપતિ અને જમ્મુ માટે નવી હવાઈ સેવાઓ શરૂ કરવા માંગ

સુરત : દેશનું ડાયમંડ અને ટેક્સટાઇલ હબ તેમજ ભારતનું માન્ચેસ્ટર ગણાતા સુરતને તેના આર્થિક મહત્વને અનુરૂપ એર કનેક્ટિવિટી મળતી નથી. સુરતની એર કનેક્ટિવિટીમાં સતત થઈ રહેલા ઘટાડા અને તેના કારણે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને મોટો ફટકો પડી રહ્યો છે તેવી રજૂઆત આજે લોકસભામાં સુરતના સાંસદ મુકેશ દલાલ દ્વારા કરવામાં આવી હતી.

સાંસદ દલાલે જણાવ્યું હતું કે, દેશની જીડીપીમાં સુરતનો અંદાજે 2 ટકા જેટલો ફાળો છે, જ્યારે રાજ્યની અર્થવ્યવસ્થામાં પણ શહેરનું નોંધપાત્ર યોગદાન છે. સુરતની હીરા અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રી આશરે 25 લાખ લોકોને સીધી અને આડકતરી રોજગારી પૂરી પાડે છે. હીરા ઉદ્યોગ દ્વારા અંદાજે 16 અબજ ડોલર અને ટેક્સટાઇલ ઉદ્યોગ દ્વારા 32 અબજ ડોલરના નિકાસ વ્યવસાયમાં સુરતનો સિંહફાળો છે. તેમ છતાં પૂરતી આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક એર કનેક્ટિવિટી ન હોવાથી વિદેશી ખરીદદારો સુરત સુધી પહોંચી શકતા નથી, જેના કારણે ઉદ્યોગો ઉપરાંત દેશને પણ કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

...અનુસંધાન પાના ૧૧ પર

ડિંડોલીની દુકાનમાં યુવા વેપારી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો

સુરત: ડિંડોલીના રાજમહેલ મોલમાં ડિસ્પોઝલ પેપરની દુકાન ચલાવતા 23 વર્ષીય યુવા વેપારી રહસ્યમય સંજોગોમાં દુકાનમાં મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી હતી. ઘટનાની જાણ થતાં ડિંડોલી પોલીસે તપાસ હાથ ધરી છે.

મૂળ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના વતની અને હાલ પુણાગામના કિરણ પાર્ક સોસાયટીમાં રહેતા નિલેશ મનુભાઈ રાઠોડ 'વીડી એન્ટરપ્રાઇઝ' નામે ડિસ્પોઝલ પેપરની દુકાન ચલાવતા હતા. તેઓ પત્ની અને એક પુત્રી સાથે રહેતા હતા. નિલેશ ફોન ન ઉપાડતા તેમના પિતાને શંકા જતાં તપાસ કરતાં તેઓ દુકાનમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. તેમણે કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ સ્પષ્ટ થયું નથી.

ગુરુપૂર્ણિમાએ જ શિક્ષકે વિદ્યાર્થીને ફટકાર્યાનો કિસ્સો બહાર આવ્યો

ભાઠેનામાં સમિતિની શાળાનો 6 વર્ષનો બાળક માનસિક અસ્વસ્થ હોવાની જાણ શાળામાં કરવામાં આવી હતી

જે બાળકની ઓપન હાર્ટ સર્જરી થઇ તેને સોટીથી ફટકારી સોળ પાડી દીધા, કાર્યવાહી કરવાની ચેરમેનની ખાતરી

સુરત: ભાઠેના વિસ્તારમાં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત 'ખુદીરામ બોઝ' બાલવાટિકા ક્રમાંક-190 માં અભ્યાસ કરતા છ વર્ષના માસુમ બાળક સાથે શિક્ષકે સોટી વડે મારપીટ કરી હોવાનો ગંભીર આક્ષેપ સામે આવતા શિક્ષણ આલમમાં ચકચાર મચી ગઈ છે. આ અમાનવીય ઘટનાને પગલે બાળકના વાલી અને પરિવારજનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. બીજી તરફ, મામલાની ગંભીરતા જોઈ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેને તાત્કાલિક અસરથી તપાસ કમિટીની રચના કરી જવાબદાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. જો કે છેલ્લે મળતી માહીતી મુજબ વાલીઓ અને શિક્ષકો વચ્ચે બારોબર સમાધાન કરવી દઇ આ પ્રકરણ પર પરદો પાડવા પ્રયાસ કરાયો છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, સોમવારે શાળા છૂટ્યા બાદ બાળક ઘરે પહોંચીને સતત રડી રહ્યું હતું અને શરીરમાં અસહ્ય દુખાવો થતો હોવાની ફરિયાદ કરતું હતું. શરૂઆતમાં પરિવારજનોને લાગ્યું કે બાળક શાળાએ નહીં જવાના બહાના હેઠળ આ નાટક કરી રહ્યું છે. પરંતુ જ્યારે કપડાં બદલાવતી વખતે તેની પીઠ, વાંસો, છાતી અને ગળાના પાછળના ભાગે સોટીના નિશાન નજરે પડ્યા હતાં. તેની પીડા વધતા તેને સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બાળકની ભૂતકાળમાં ઓપન હાર્ટ સર્જરી થઈ ચૂકી છે અને તેને ખેંચ-તણાવની બીમારી હોવાથી તેનો માનસિક વિકાસ અન્ય બાળકોની સરખામણીએ ધીમો છે. શાળાના શિક્ષકોને અગાઉથી માહિતગાર કરાયા હોવા છતાં, તેની સાથે આવી ક્રૂરતા દાખવવામાં આવી હોવાનો આક્ષેપ પરિવારે લગાવ્યો છે. આ સમગ્ર વિવાદ અંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાએ જણાવ્યું હતું કે, બાલવાટિકાના કાયમી શિક્ષક તાલીમ વર્ગમાં ગયા હોવાથી અન્ય શિક્ષકને વર્ગખંડની જવાબદારી સોંપાઈ હતી. તે દરમિયાન આ બાળક વારંવાર પોતાના વર્ગમાંથી નીકળીને શાળા ક્રમાંક-42 ની બાલવાટિકાના રૂમમાં

...અનુસંધાન પાના ૧૧ પર

અમદાવાદ અને મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદની આગાહી

અમદાવાદ સહિત મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહી

ગાંધીનગર: ગુજરાતમાં આગામી બે-ત્રણ દિવસ દરમિયાન ચોમાસું વધુ આક્રમક બનવાના સંકેતો વચ્ચે હવામાન વિભાગે ૩૧ જુલાઈ માટે અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આ જિલ્લાઓમાં ભારેથી અત્યંત ભારે વરસાદ પડવાની આગાહી

...અનુસંધાન પાના ૧૧ પર

સુરત-બેંગકોકની ફ્લાઈટ 25 ઓક્ટો.થી ફરી શરૂ

દિવાળી વેકેશનમાં થાઇલેન્ડ જતાં સુરતના પ્રવાસીઓને ઘરઆંગણે સુવિધા મળશે, શારજાહ ફ્લાઇટ પણ ફરી શરૂ કરવાની માંગ ઊઠી

સુરત: ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઇઝરાયલના હુમલાઓ બાદ મધ્ય પૂર્વમાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિ અને એવિએશન ફ્યુઅલના ભાવમાં થયેલા ભારે વધારાને પગલે એર ઈન્ડિયા એક્સપ્રેસે થોડા સમય અગાઉ સુરત-દુબઈ તેમજ સુરત-બેંગકોક રૂટની ફ્લાઈટ સ્થગિત કરી હતી. હવે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સામાન્ય બનતાં એરલાઈને સુરત-બેંગકોક-સુરત રૂટ ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. 25 ઓક્ટોબર, 2026થી શરૂ થનારી આ ફ્લાઈટ માટે ટિકિટ બુકિંગ પણ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

વિન્ટર શિડ્યુલ હેઠળ એર ઈન્ડિયા એક્સપ્રેસ સુરત અને બેંગકોક વચ્ચે સપ્તાહમાં ચાર દિવસ ફ્લાઈટનું સંચાલન કરશે. રવિવાર, સોમવાર, બુધવાર અને શુક્રવારે આ ફ્લાઈટ ઉપલબ્ધ રહેશે. દિવાળી વેકેશન દરમિયાન થાઈલેન્ડ, ખાસ કરીને બેંગકોકની મુલાકાતે જવા ઇચ્છતા પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને આ શિડ્યુલ તૈયાર કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે બેંગકોક રૂટનું પુનઃ સંચાલન મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓ ઉપરાંત હીરા અને ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓને પણ આ ફ્લાઈટથી સીધો લાભ મળશે. બેંગકોક વ્યવસાય અને પર્યટન બંને માટે લોકપ્રિય સ્થળ હોવાથી સીધી હવાઈ સેવા ફરી ઉપલબ્ધ બનવાથી મુસાફરી વધુ સરળ બનશે.

આ અગાઉ યુએઈમાં સ્થિતિ સુધરતાં એર ઈન્ડિયા એક્સપ્રેસે સુરત-દુબઈ સેવા ફરી શરૂ કરી હતી.

...અનુસંધાન પાના ૧૧ પર

30 જુલાઇએ આ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

૩૦ જુલાઈ દરમિયાન પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

૩૧ જુલાઈએ આ જિલ્લામાં રેડ એલર્ટ

હવામાન વિભાગે ૩૧ જુલાઈ માટે અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.

૧ ઓગસ્ટે ઉત્તર ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ

૧ ઓગસ્ટે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર



૧૨મી પુણ્યતિથિએ પૂ. દાદાને શ્રધ્ધાંજલિ

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ,
અસ્તિત્વમાં તમે છો અને રહેશો એજ વિશ્વાસ છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. નરોત્તમભાઈ બેચરભાઈ દાળિયા (પટેલ)
સ્વ. તા. ૩૦/૦૭/૨૦૧૪

લિ. નિલેશ મોરારજીભાઈ દેસાઈ

દુઃખદ અવસાન (પ્રાર્થના સભા/બેસણું)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
કાંતિભાઈ લલ્લુભાઈ પટેલ તા.૨૮/૦૭/૨૦૨૬
ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું પ્રાર્થનાસભા/બેસણું : તા. ૦૧/૦૮/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન
ગામ ભેંસાણ કોમ્યુનિટિ હોલમાં રાખેલ છે.
પ્રભુ સ્વર્ગસ્થની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ. કાંતિભાઈ લલ્લુભાઈ પટેલ
સ્વ. તા. ૨૮/૦૭/૨૦૨૬

લિ. ગં.સ્વ. વિજયાબેન કાંતિભાઈ પટેલ (પત્ની)
કમલેશભાઈ કાંતિભાઈ પટેલ (પુત્ર)
મનિષભાઈ કાંતિભાઈ પટેલ (પુત્ર)
મેહુલભાઈ કાંતિભાઈ પટેલ (પુત્ર)
ઉષાબેન બાબુભાઈ પટેલ (ભાભી)
ભરતભાઈ મણુભાઈ પટેલ
કલ્પેશભાઈ બાબુભાઈ પટેલ
સંદિપ નગીનભાઈ પટેલ
મનોજભાઈ ભગવતીભાઈ પટેલ
મિહિર નટવરભાઈ પટેલ

ગામ ભેંસાણ, તા. ચોર્યાસી, જી. સુરત.
સાસરીયાપક્ષ : જસવંતભાઈ ડાહ્યાભાઈ પટેલ (શેરડી)